ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ મહા વદ દશમ ગુરુવાર ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૯૪

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

સરકારે ભારત માતાને વેચી દીધી છે : રાહુલ ગાંધી

ભારત-અમેરિકા વેપાર કરાર પર રાહુલ ગાંધીએ કહ્યું આ સંપૂર્ણ શરણાગતિ સમાન છે, જેમાં ખેડૂતોના હિતોને નુકસાન પહોંચ્યુ છે

અમેરિકાની પકડ મોદીના ગળા પર છે એટલે તેમણે ભારતને વેચ્યું છે : રાહુલ

કરાર હેઠળ અમેરિકા નક્કી કરશે કે ભારત કોની પાસેથી તેલ ખરીદે

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ): વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે કેન્દ્ર સરકાર પર તીવ્ર અને બેધડક પ્રહાર કરતાં આરોપ લગાવ્યો કે ભારત-અમેરિકા વચ્ચે થયેલા આંતરિમ વેપાર કરાર દ્વારા સરકારે "ભારત માતાને વેચી નાખી છે". તેમણે કહ્યું કે આ કરાર સંપૂર્ણ શરણાગતિ સમાન છે, જેમાં ભારતની ઊર્જા સુરક્ષા અમેરિકા હવાલે કરી દેવામાં આવી છે અને ખેડૂતોના હિતોને ગંભીર રીતે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે.

યુનિયન બજેટ પર ચર્ચામાં ભાગ લેતાં રાહુલ ગાંધીએ કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત કોઈપણ ભારતીય વડા પ્રધાન પર "ચોકહોલ્ડ" ન હોય ત્યાં સુધી આવા કરાર પર સહી નહીં કરે. તેમણે માર્શલ આર્ટ્સનું ઉદાહરણ આપતાં કહ્યું કે પહેલા પકડ થાય છે, પછી ગળું દબાવવામાં આવે છે અને અંતે સામેનો હાર માની લે છે. અમેરિકાની પકડ મોદીના ગળા પર છે એટલે તેમણે ભારતને વેચ્યું છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે વિશ્વ વધુ ખતરનાક બની રહ્યું છે. યુક્રેન, ગાઝા, મધ્ય પૂર્વ અને ઈરાનમાં યુદ્ધની સ્થિતિ છે. આવા સમયમાં દેશની તાકાત તેના લોકો છે અને તેમની સુરક્ષા, ડેટા, ખાદ્ય પુરવઠો અને ઊર્જા વ્યવસ્થાનું રક્ષણ કરવું જરૂરી છે. તેમણે દાવો કર્યો કે જો 'ઈન્ડિયા' ગઠબંધનની સરકાર હોત, તો અમેરિકા સાથે સમાનતાના આધાર પર વાતચીત કરાત. ભારતીય ડેટા સૌથી મોટું સંપત્તિ છે અને ઊર્જા સુરક્ષા અણસ્વીકાર્ય છે,

...અનુસંધાન પાના 11 પર

મોદીએ નહીં કોંગ્રેસે દેશને વેચ્યો હતો: સીતારમણ

નવી દિલ્હી. નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં રાહુલ ગાંધી પર આકરો હુમલો કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકારે જ ડબ્લ્યુટીઓ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સામે ભારતના હિતોનું સમર્પણ કર્યું હતું અને ગરીબો તથા ખેડૂતોના હિતોને વેચ્યા હતા. રાહુલ ગાંધીના 'ભારત માતાને વેચી દીધી' તેવા આક્ષેપનો જવાબ આપતા તેમણે કહ્યું કે, 'કોઈ માનો લાલ એવો પેદા થયો નથી જે આપણા દેશને વેચી શકે કે ખરીદી શકે.' સીતારમણે રાહુલ ગાંધી પર બજેટ વાંચ્યા વિના જ બોલવાનો આરોપ લગાવતા કહ્યું કે, જે લોકો શર્મ-અલ-શેખમાં પાકિસ્તાન સામે ભારતની સંપ્રભુતા સાથે બાંધછોડ કરતા હતા, તેઓ આજે આપણને સલાહ આપી રહ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ક્યારેય આવું કંઈ કરશે નહીં અને કોંગ્રેસે જ હંમેશા દેશના હિતો સાથે સમજૂતી કરી છે.

રાહુલ ગાંધીનું સંબોધન જુઠ્ઠાણાથી ભરેલું હતું, તેને હટાવવાની માગ કરીશું: રિજિજુ

નવી દિલ્હી. કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ બુધવારે લોકસભામાં રાહુલ ગાંધીના ભાષણને 'જુઠ્ઠાણાથી ભરેલું' ગણાવ્યું હતું. તેમણે આક્ષેપ કર્યો કે વિરોધ પક્ષના નેતાએ ગૃહમાં ખોટા નિવેદનો આપ્યા છે, જેને રેકોર્ડમાંથી હટાવવા માટે શાસક પક્ષ માગણી કરશે. રિજિજુએ કહ્યું કે, રાહુલ ગાંધી જે કંઈ પણ બોલ્યા છે તેની સત્યતા સાબિત કરવા માટે અમે સ્પીકરને નોટિસ આપીશું. રિજિજુએ વધુમાં ઉમેર્યું કે, રાહુલ ગાંધી વારંવાર જાણીજોઈને ખોટું બોલીને ગૃહમાંથી નીકળી જાય છે અને મંત્રીઓના જવાબ સાંભળવાની તસ્દી લેતા નથી. તેમણે આરોપ લગાવ્યો કે રાહુલે પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરી વિરુદ્ધ કોઈ પણ નોટિસ આપ્યા વિના ગંભીર આક્ષેપો કર્યા છે, જે વિશેષ અધિકાર ભંગ સમાન છે. રાહુલ ગાંધીના એ દાવા પર કે સરકારે ભારત-અમેરિકા વેપાર કરાર દ્વારા 'ભારત

...અનુસંધાન પાના 11 પર

વેલેન્ટાઇન ડે પહેલા નોર્વેમાં કુદરતનું 'રોમેન્ટિક' આશ્ચર્ય!

આકાશમાં વાદળો ઘણીવાર એવો આકાર બનાવે છે કે આપણે ઘણીવાર તેની પ્રશંસા કરવા મજબૂર થઇએ છીએ. પરંતુ કુદરત પાસે આપણને આશ્ચર્યચકિત કરવાની ઘણી બીજી રીતો છે. નવીનતમ ઉદાહરણ ઓરોરા કે જેને નોર્ધન લાઇટ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે તે બન્યું છે. ક્રિસ્ટોફર વેંગેન નામના ફોટોગ્રાફરે નોર્વેમાં હૃદય આકારનું ઓરોરા પોતાના કેમેરામાં કેદ કર્યું હતું. જો કે તેણે આ ફોટો લેવા માટે ઘણો સમય રાહ જોવી પડી હતી. ફોટોગ્રાફરે તેની ઇન્સ્ટાગ્રામ પોસ્ટના કેપ્શનમાં સ્વીકાર્યું કે તે ઘણા દિવસોથી પક્ષી, ખોપરી અથવા તેના જેવા કોઈ આકારને કેદ કરવા માંગતો હતો. પરંતુ પછી, ગયા શુક્રવારે, તેને જે મળ્યું તે તેના માટે એક સરપ્રાઇઝ બન્યું હતું. હૃદય આકારના ઓરોરાને જોઈને, યૂઝર્સને ખાતરી થઈ ગઈ છે કે તે AI ન હોઈ શકે. એક યૂઝર્સે લખ્યું કે આ પહેલી વાર છે જ્યારે મેં નોર્ધન લાઇટ્સનો આટલો સુંદર ફોટો જોયો છે.



દિલ્હી ડાયરી

ભાજપ અધ્યક્ષની રાષ્ટ્રીય પ્રવક્તાઓ સાથે બેઠક

ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યા પછી નિતિન નબીન સતત વિવિધ સ્તરના નેતાઓ સાથે બેઠકો કરી રહ્યા છે. તાજેતરમાં તેમણે પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તાઓ સાથે એક મહત્ત્વની બેઠક યોજી હતી.

આ બેઠકનો મુખ્ય હેતુ બજેટ-2026 પછીની વ્યૂહરચના પર ચર્ચા કરવાનો હતો, જેમાં નરેન્દ્ર મોદી સરકારની સિદ્ધિઓને જનતા સુધી યોગ્ય રીતે પહોંચાડવાનો હતો. જોકે, બેઠક દરમિયાન ત્રણ પ્રવક્તાઓએ પોતાની સિદ્ધિઓના વખાણ કરીને અધ્યક્ષને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો હતો. એક પ્રવક્તાએ તો પોતાના પુસ્તક અને મોટા નેતાઓ સાથેના સંબંધોની વાતો શરૂ કરી દીધી હતી, પરંતુ નિતિન નબીને તરત જ દરમિયાનગીરી કરીને આત્મશ્લાઘા (પોતાના વખાણ) કરી રહેલા પ્રવક્તાઓને અટકાવ્યા હતા. તેમણે નમ્રતાપૂર્વક યાદ અપાવ્યું કે, આ બેઠક વ્યક્તિગત પ્રશંસા માટે નહીં, પરંતુ બજેટ પછી પક્ષે શું કરવું જોઈએ તેના વિચારો આપવા માટે છે.

ઉત્તરાખંડમાં કોંગ્રેસ અને સપા વચ્ચે અનોખો 'સેતુ'

ઇન્ડિયા ગઠબંધનના સાથી પક્ષો કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી (સપા) વચ્ચે સીટની વહેંચણીને લઈને ભલે ખેંચતાણ

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૧-૦૨-૨૦૨૬નું વડોદરા શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૧.૪° સે.	૧૫.૬° સે.	૩૮%

સરકારી નીતિઓના વિરોધમાં આજે કેટલાક કામદાર સંગઠનોની હડતાળ

વીજળી, બેંકિંગ, ઈન્શ્યોરન્સ અને પરિવહન જેવી સેવાઓ પર આંશિક અસર થવાની શક્યતા

કેન્દ્ર સરકારની મજૂરવિરોધી, ખેડૂતવિરોધી અને કોર્પોરેટ સમર્થક નીતિઓ સામે આ હડતાળનું આહ્વાન કરાયું

નવી દિલ્હી, તા. 11 (PTI): કેન્દ્રિય ટ્રેડ યુનિયનોના સંયુક્ત મંચે સરકારની 'મજૂરવિરોધી' નીતિઓના વિરોધમાં ગુરુવારે દેશવ્યાપી હડતાળનું આહ્વાન કર્યું છે.

કામદાર સંગઠનોના જણાવ્યા મુજબ આ હડતાળમાં વિવિધ ક્ષેત્રોના અંદાજે 30 કરોડ કામદારો જોડાઈ શકે છે, જેના કારણે બેંકિંગ, ઈન્શ્યોરન્સ અને પરિવહન જેવી સેવાઓ પર આંશિક અસર થવાની શક્યતા છે.

9 જાન્યુઆરીએ કામદાર સંગઠનોના સમૂહે કેન્દ્ર સરકારની મજૂરવિરોધી, ખેડૂતવિરોધી અને કોર્પોરેટ સમર્થક નીતિઓ સામે પ્રતિકાર દર્શાવવા માટે 12 ફેબ્રુઆરીની હડતાળની જાહેરાત કરી હતી. ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસની મહાસચિવ અમરજીત કૌરે જણાવ્યું કે વીજળી, બેંકિંગ, ઈન્શ્યોરન્સ, પરિવહન, આરોગ્ય, શિક્ષણ, ગેસ અને પાણી પુરવઠા જેવી સેવાઓ પર અસર પડશે.

તેમણે કહ્યું કે તમામ બેંક યુનિયનો હડતાળમાં નહીં જોડાય, પરંતુ AIBEA, AIBOA અને BEFI જેવી બેંક કર્મચારી સંસ્થાઓ ભાગ લેશે. માઈનિંગ અને ગેસ પાઈપલાઈન ક્ષેત્ર પણ અસરગ્રસ્ત થવાની શક્યતા છે. ઈન્શ્યોરન્સ ક્ષેત્રના કર્મચારીઓ 100 ટકા એફડીઆઈ અને નવા શ્રમ કોડ્સના વિરોધમાં પ્રદર્શન કરશે.

ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશનના અધ્યક્ષ શૈલેન્દ્ર દુબેએ જણાવ્યું કે 12 ફેબ્રુઆરીએ દેશભરમાં આશરે 27 લાખ વીજ ક્ષેત્રના કર્મચારીઓ અને એન્જિનિયરો એક દિવસની હડતાળ કરશે. ખાનગીકરણ, ઈલેક્ટ્રિસિટી સુધારા બિલ-2025, પ્રસ્તાવિત નેશનલ ઈલેક્ટ્રિસિટી પોલિસી-2026 અને જૂની પેન્શન યોજના પુનઃસ્થાપિત કરવાની માગ સાથે આ હડતાળ યોજાઈ રહી છે.

સંયુક્ત કિસાન મોરચા અને અનેક ખેડૂત તથા મજૂર સંગઠનો પણ હડતાળને સમર્થન આપી રહ્યા છે. જોકે ટ્રેડ યુનિયન કોઓર્ડિનેશન સેન્ટરે (ટીયુસીસી) હડતાળને રાજકીય હેતુપ્રેરિત અને રાષ્ટ્રીય હિતના વિરોધમાં હોવાનું કહીને તેને નકારી છે.

વેપાર કરારની ફેક્ટશીટમાં અમેરિકાએ મોટા ફેરફાર કર્યા

અમેરિકા દ્વારા વેપાર કરારની ફેક્ટશીટમાં સુધારો કરીને 'અમુક દાળો' સંદર્ભ કાઢી નાંખ્યો

કઠોળ અને 500 બિલિયનની ખરીદી સંબંધે પણ ભાષા બદલીને સુધારો કરવામાં આવ્યો

ન્યૂયોર્ક-વોશિંગ્ટન, તા. 11 (PTI) : અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત સાથેના 'ઐતિહાસિક' વચગાળાના વેપાર કરારની 'ફેક્ટશીટ'માં મહત્વના ફેરફારો કર્યા છે. આ સુધારેલા દસ્તાવેજમાં ભારત દ્વારા 'દાળો' પર ટેરિફ ઘટાડવાના દાવાને હટાવી દેવામાં આવ્યો છે અને 500 બિલિયન ડોલરની ખરીદી અંગેની ભાષામાં પણ મોટો ફેરફાર કર્યો છે.

...અનુસંધાન પાના 11 પર

ભારતની 500 બિલિયન ડોલરની ખરીદીના દાવા પર પણ શબ્દો બદલ્યા

અગાઉનું નિવેદન: 'ભારતે વધુ અમેરિકન ઉત્પાદનો ખરીદવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી છે અને 500 બિલિયન ડોલરથી વધુના અમેરિકી ઉર્જા, આઈસીટી, કૃષિ, કોલસો અને અન્ય ઉત્પાદનો ખરીદશે.

નવું નિવેદન: 'ભારત વધુ અમેરિકન ઉત્પાદનો ખરીદવાનો ઈરાદો ધરાવે છે અને 500 બિલિયન ડોલરથી વધુના અમેરિકી ઉર્જા, આઈસીટી, કોલસો અને અન્ય ઉત્પાદનો ખરીદશે.' (અહીં 'કૃષિ' શબ્દ હટાવવામાં આવ્યો છે અને પ્રતિબદ્ધતાને બદલે 'ઈરાદો' શબ્દ વાપરવામાં આવ્યો છે).

અગાઉ અમેરિકાએ જારી કરેલી ફેક્ટશીટ

'ભારત તમામ અમેરિકી ઔદ્યોગિક માલસામાન અને સૂકા ડિસ્ટિલર્સ ગ્રેન, લાલ જુવાર, ટ્રી નટ્સ, તાજા અને પ્રોસેસ્ડ ફ્રૂટ, 'અમુક દાળો', સોયાબીન તેલ, વાઇન અને સ્પિરિટ્સ સહિતના ખાદ્ય અને કૃષિ ઉત્પાદનો પર ટેરિફ નાબૂદ કરશે અથવા ઘટાડશે.'

સુધારેલી ફેક્ટશીટ

ભારત તમામ અમેરિકી ઔદ્યોગિક માલસામાન અને સૂકા ડિસ્ટિલર્સ ગ્રેન, લાલ જુવાર, ટ્રી નટ્સ, તાજા અને પ્રોસેસ્ડ ફ્રૂટ, સોયાબીન તેલ, વાઇન અને સ્પિરિટ્સ સહિતના ખાદ્ય અને કૃષિ ઉત્પાદનો પર ટેરિફ નાબૂદ કરશે અથવા ઘટાડશે. (અહીં 'અમુક દાળો' કાઢી નાંખવામાં

ભારત પર નજર રાખવા માટે ટાસ્ક ફોર્સની રચના

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વેપાર સોદા પરના વચગાળાના કરારના માળખા મુજબ ભારત રશિયા પાસેથી તેલની આયાત ફરી શરૂ ન કરે તે સુનિશ્ચિત કરવા માટે ત્રણ મંત્રીઓની ટાસ્ક ફોર્સની રચના

...અનુસંધાન પાના 11 પર

હવે રાષ્ટ્રગીત પહેલા વંદે માતરમના તમામ 6 પદો ગાવા પડશે

નવા પ્રોટોકોલ મુજબ, રાષ્ટ્રપતિના આગમન, ધ્વજવંદન અને સત્તાવાર સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સત્તાવાર વંદે માતરમનું ગાન પ્રથમ કરવામાં આવશે

નવી દિલ્હી, તા. 11 (PTI): કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ' અને રાષ્ટ્રગીત 'જન ગણ મન'ના ગાન અંગે નવા પ્રોટોકોલ જારી કર્યા છે.

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત 'વંદે માતરમ'ના તમામ છ પદો હવે ફરજિયાતપણે ગાવાના રહેશે.

જ્યારે પણ આ બંને ગીતો સાથે વગાડવામાં આવે, ત્યારે સૌથી પહેલા સત્તાવાર 'વંદે માતરમ'ના આ છ પદો ગાવામાં આવશે, જેનો કુલ સમયગાળો અંદાજે 3 મિનિટ 10 સેકન્ડનો રહેશે. આ મહત્વનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા 'વંદે માતરમ'ના 150મા વર્ષની ઉજવણીના ઉપલક્ષમાં લેવામાં આવ્યો છે.

નવા પ્રોટોકોલ મુજબ, રાષ્ટ્રપતિના આગમન, ધ્વજવંદન, રાજ્યપાલના પ્રવચન અને સત્તાવાર સાંસ્કૃતિક કાર્યક્રમોમાં આ છ પદોનું ગાન પ્રથમ કરવામાં આવશે.

જ્યારે પણ આ સત્તાવાર પદો ગાવામાં કે વગાડવામાં આવે ત્યારે પ્રેક્ષકોએ સાવધાનની મુદ્રામાં ઊભા રહી માન આપવું ફરજિયાત છે. જોકે, ફિલ્મ કે ડોક્યુમેન્ટરીના ભાગરૂપે ગીત વાગે ત્યારે વ્યવસ્થા જાળવવા માટે ઊભા રહેવામાંથી મુક્તિ અપાઈ છે.

ગૃહ મંત્રાલયે શાળાઓને પણ આદેશ આપ્યો છે કે દિવસની શરૂઆત 'વંદે માતરમ'ના સામૂહિક ગાન સાથે કરવી અને વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રધ્વજ તથા રાષ્ટ્રીય ગીતો પ્રત્યે આદર વધે તેવા પ્રયાસો કરવા.

ઉલ્લેખનીય છે કે, 24 જાન્યુઆરી, 1950ના રોજ બંધારણ સભાએ 'વંદે માતરમ'ને 'જન ગણ મન'ની સમાન દરજ્જો આપ્યો હતો. નવા નિયમોનો હેતુ આ ઐતિહાસિક ગીતની ગરિમા જાળવી રાખીને દેશભક્તિની ભાવનાને વધુ મજબૂત કરવાનો છે.

અકાસા એરના સહ-સ્થાપક પ્રવીણ અય્યરે રાજીનામું આપ્યું

નવી દિલ્હી, તા. 11 (PTI): અકાસા એરના સહ-સ્થાપક અને ચીફ કોમર્શિયલ ઓફિસર પ્રવીણ અય્યરે રાજીનામું આપ્યું છે, જે ત્રણ વર્ષથી વધુ જૂની આ એરલાઇનમાં છેલ્લા ચાર મહિનામાં બીજું ઉચ્ચ સ્તરીય એક્ઝિટ છે.

પાંચ વર્ષની સફર પછી અય્યરે તેમના જીવનના આગામી પ્રકરણની શરૂઆત કરવા માટે આગળ વધવાનો નિર્ણય લીધો છે. એરલાઇને એક નિવેદનમાં જણાવ્યું છે કે, તેઓ 30 એપ્રિલ, 2026 સુધી સુવ્યવસ્થિત સંક્રમણ સુનિશ્ચિત કરવા માટે નેતૃત્વ ટીમ સાથે મળીને કામ કરશે.

નીલુ ખત્રી પછી અય્યર બીજા સહ-સ્થાપક છે જેમણે એરલાઇન છોડી છે, જેણે 7 ઓગસ્ટ, 2022થી ઉડાન શરૂ કરી હતી. ખત્રીએ

...અનુસંધાન પાના 11 પર

ભારત-અમેરિકા વેપાર કરારમાં ખેડૂતો અને ડેરી ક્ષેત્રના હિતો સુરક્ષિત: સરકાર

મકાઈ, ઘઉં, ચોખા, સોયા, દૂધ, તમાકુ જેવા કૃષિ ઉત્પાદનો પર કોઈ પણ પ્રકારની આયાત ડ્યૂટીમાં છૂટછાટ અપાઈ નથી

નુરેમ્બર્ગ, તા. 11 (PTI): ભારત અને અમેરિકા વચ્ચેના વચગાળાના વેપાર કરાર અંગે વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે મહત્વની સ્પષ્ટતા કરી છે. તેમણે જણાવ્યું છે કે ભારત હંમેશા દેશના સંવેદનશીલ ક્ષેત્રોના હિતોને ધ્યાનમાં રાખીને જ વેપાર મંત્રણાઓ કરે છે. અમેરિકા સાથેના

...અનુસંધાન પાના 11 પર

માર્ચ અંત સુધીમાં કરાર અમલી બનવાની શક્યતા

ભારત અને અમેરિકાની ટીમો હાલમાં સંયુક્ત નિવેદનને કાયદાકીય કરારમાં બદલવા માટે કામ કરી રહી છે. આ પ્રક્રિયા માર્ચ મહિનાના અંત પહેલા પૂર્ણ કરી લેવામાં આવશે અને તેના પર હસ્તાક્ષર કરવામાં આવશે તેવી ધારણા છે. ભારતે યુરોપિયન યુનિયન, બ્રિટેન અને ઓસ્ટ્રેલિયા સાથે કરેલા અગાઉના કરારોમાં પણ આવી જ રીતે કૃષિ હિતોનું રક્ષણ કર્યું છે.